શિક્ષકોની વધારે ઘટ ધરાવતા તાલુકાઓની
પ્રાથમિક શાળાઓ (ધોરણ- ૧ થી ૫) માં
વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવક્રમાંક:પીઆરઈ/૧૧૧૦/૨૨૩/ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧/૦૧/૨૦૧૪

સંદર્ભ: (1) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૧૦/૨૨૩/ક તા.૨૭/૪/૨૦૧૧
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૧૦/૨૨૩/ક તા.૩/૫/૨૦૧૨
(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: પીઆરઈ-૧૧૧૦/૨૨૩/ક તા.૧૮/૫/૨૦૧૨.
(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણના તા.૨૨/૧૧/૨૦૧૩ ના રોજની સિંગલ ફાઇલ ક્રમાંક:પીઆરઇ/૧૧૨૦૧૨/સી.ફા./૨૭/ક ઉપર કરાયેલ દરખાસ્ત

ઠરાવ:

રાજ્યના કેટલાક તાલુકાઓની પ્રાથમિક શાળાઓ(ધોરણ- ૧ થી ૫)માં શિક્ષકોની વધારે ખાલી જગ્યાઓ હોવાના કારણે તે વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોના શિક્ષણને વિપરિત અસર થાય છે. આવી વિપરીત અસર નિવારવા માટે તેમજ તે વિસ્તારના બાળકોની શૈક્ષણિક સુવિધા જળવાઈ રહે અને પી.ટી.સી./ડી.ઇએલ.ઇડી.( PTC./D.El.Ed.) ની લાયકાત ધરાવતા અને પ્રાથમિક વિભાગ માટેની શિક્ષણ યોગ્યતા કસોટી(TET) પાસ કરેલ બેરોજગાર ઉમેદવારોને નોકરી મળે તે હેતુથી આવા તાલુકાઓની પ્રાથમિક શાળાઓ (ધોરણ-૧ થી ૫)માં વિદ્યાસહાયકની ૨૦૦૦ ખાલી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ (સંદર્ભ-૧ માં દર્શાવેલા) તથા વખતો-વખતના ઠરાવ અન્વયે પ્રાથમિક વિભાગ (ધોરણ- ૧ થી ૫) માટે નિયત કરવામાં આવેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોને નિમણૂંક આપવાની નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની દરખાસ્ત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે માત્ર નિયત તાલુકાઓમાં પી.ટી.સી./ ડી.ઇએલ.ઇડી. (PTC/D.El.Ed. ની લાયકાત ધરાવતા ઉમેદવારોથી ખાસ કિસ્સા તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષ: ૨૦૧૩-૧૪ માટે જ આ સાથેના પરિશિષ્ટ-અ માં દર્શાવ્યા મુજબના તાલુકાઓ માટે વિદ્યાસહાયકની ૨૦૦૦ જગ્યાઓ નીચેની શરતોને આધિન ભરવા આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

(૧) ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર દ્વારા પરિશિષ્ટ-અ માં દર્શાવેલ જિલ્લાના નિયત કરેલ તાલુકાની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવા સંબંધીત જિલ્લા શિક્ષણ સમિતિ પાસેથી માંગણીપત્રકો મંગાવી જાહેરાત આપવાની રહેશે.

(૨) ઉપરોકત મંજુરી મુજબની ભરતીની જાહેરાત કે ભરતીની પ્રક્રિયા ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સી.એ.નં.૧૩૭૦૩/૨૦૧૩ ઇન સ્પે.સી.એ. નં. ૭૭૬૯/૨૦૧૨ માં તા.૨૭/૧૨/૨૦૧૩ ના

રોજ પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયા ઉપર આપેલ મનાઇ હુકમ દૂર થયા બાદ જ હાથ ધરવાની રહેશે.

(૩) આ જગ્યાઓ ઉપર નિમણૂંક મેળવવા ઈચ્છતા ઉમેદવારે જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા જે તાલુકામાં નિમણૂંક આપવામાં આવે તે તાલુકામાં જ દસ વર્ષ સુધી ફરજ બજાવવાની રહેશે. વિદ્યાસહાયકોની ભરતીની જાહેરાતમાં તથા નિમણૂંકના હુકમમાં આ શરતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૪) શિક્ષણ વિભાગના તા.૨૩/૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧/૨૦૧૨/૩૧૪૭૭૬/ક તથા તે પછીના વખતો-વખતના બદલી અંગેના ઠરાવ અન્વયે જિલ્લાના અન્ય તાલુકામાં કે જિલ્લા ફેર બદલી માટે નિમણુંકની તારીખથી ૧૦ (દસ)વર્ષ સુધી જે તે વિદ્યાસહાયક/શિક્ષક બદલી માટે માંગણી કરી શકશે નહીં.

(૫) વધુમાં શિક્ષણ વિભાગના તા.૨૭/૪/૨૦૧૧ ના સંદર્ભ(૧)માં દર્શાવેલા ઠરાવથી તેમજ તે અંગેના વખતો-વખતના સુધારાથી જે કઇ શરતો/નિયમો નકકી થાય તે આ ઉમેદવારોને લાગુ પડશે.

(૬) વધુમાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ દ્વારા આ જગાઓ પર પસંદ થયેલા ઉમેદવારોને જે તે જિલ્લામાં નિમણૂંક આપતી વખતે સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને નીચે દર્શાવેલ ક્રમ મુજબની અગ્રતા આપવા માટે સૂચનાઓ આપવાની રહેશે.

(૧) શિક્ષક વિનાની કોઇ જ શાળા ન રહે તે જોવું.

(૨) એક શિક્ષકવાળી શાળામાં બીજા શિક્ષકની નિમણુંક આપવી.

(૩) જે શાળામાં મંજુર મહેકમના ૧૦ ટકા કરતાં વધુ જગાઓ ખાલી હોય તેવી શાળાઓમાં પ્રથમ નિમણુંકો આપવી

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપરની નાણા વિભાગની તા.૩/૧૨/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(અનંત પટેલ)
**નાયબ સચિવ**
**શિક્ષણ વિભાગ**

<u>પ્રતિ,</u>

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

  } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- સચિવશ્રી, રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય,
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા

ds.pri

## શિક્ષણ વિભાગના તા.21/01/2014ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/1110/223/ક નું બિડાણ

### પરિશિષ્ટ - 'અ'

### વિદ્યાસહાયક ભરતી-2013-14

### પ્રાથમિક વિભાગ ધોરણ - 1 થી 5 (PTC/D.El.Ed.)

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | ભરવા પાત્ર જગ્યા | જિલ્લાની કુલ ભરવાપાત્ર જગ્યા |
|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | રાણપુર | ૨૨ | 29 |
| | | ધંધુકા | ૭ | |
| 2 | વડોદરા | કવાટ | ૧૧૫ | 217 |
| | | છોટાઉદેપુર | ૧૦૨ | |
| 3 | રાજકોટ | માળીયા મીંયાણા | ૮૫ | 129 |
| | | વાંકાનેર | ૨૩ | |
| | | જસદણ | ૨૧ | |
| 4 | દાહોદ | દાહોદ | ૧૩૬ | 399 |
| | | ગરબાડા | ૧૩૩ | |
| | | ધાનપુર | ૧૧૫ | |
| | | ઝાલોદ | ૧૫ | |
| 5 | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | ૧૯૫ | 195 |
| 6 | જુનાગઢ | ઉના | ૧૯ | 19 |
| 7 | પાટણ | સાંતલપુર | ૮૫ | 85 |
| 8 | ભાવનગર | મહુવા | ૭૪ | 74 |
| 9 | જામનગર | કલ્યાણપુર | ૧૩૮ | 379 |
| | | ખંભાળીયા | ૧૩૬ | |
| | | દ્વારકા | ૬૯ | |
| | | ભાણવડ | ૩૬ | |
| 10 | કચ્છ | લખપત | ૪૭ | 138 |
| | | રાપર | ૩૯ | |
| | | અબડાસા | ૩૧ | |
| | | મુન્દ્રા | ૨૧ | |
| 11 | ભરૂચ | જંબુસર | ૩૪ | 34 |
| 12 | વલસાડ | કપરાડા | ૧૨૩ | 138 |
| | | ઉમરગામ | ૧૫ | |
| 13 | બનાસકાંઠા | થરાદ | ૬૦ | 81 |
| | | વાવ | ૨૧ | |
| 14 | સુરેન્દ્રનગર | ચોટીલા | ૧૫ | 15 |
| 15 | ડાંગ | સુબીર | ૬૦ | 68 |
| | | આહવા | ૮ | |
| | | કુલ | ૨૦૦૦ | 2000 |

(અનંત પટેલ)
નાયબ સચિવ(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ